## જન્મદિને વધામણી


લક્ષ્મણસિંહ રાજપૂત


પ્રિયા માનિક
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ


ભાવના શુક્લ
લાયોનેસ ક્લબ, ગાંધીનગર


યશ્વી રાણા
મો. ૯૭૨૬૪ ૮૦૮૧૮


જય રાણા
પ્રમુખ, રોટરેક્ટ ક્લબ ઓફ કેપિટલ
મો. ૯૬૩૮૭ ૧૪૧૬૦


દક્ષાબેન એમ ભટ્ટ
મો. ૯૭૨૫૭ ૬૫૬૬૪


હેત રાઠોડ

# જિલ્લાકક્ષાનો સ્પેશિયલ ખેલ મહાકુંભ યોજાયો







## જિલ્લાના ૩૧૫ જેટલા વિશિષ્ટ રમતવીરોએ ૧૩ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો

રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ આયોજિત અને ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા સંચાલિત દિવ્યાંગ-માનસિક વિશિષ્ટ ખેલાડીઓ માટેનો સ્પેશિયલ ખેલ મહાકુંભ-૨૦૧૭ ચૌધરી કૉલેજ ગ્રાઉન્ડ, સૅક્ટર-૭ ખાતે યોજવામાં આવ્યો હતો. જિલ્લાના ૩૧૫ જેટલા વિશિષ્ટ રમતવીરોએ આ ખેલ મહાકુંભમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૧૩ જેટલી સ્પર્ધાઓનું આયોજન આ ઉપક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા રમતગમત અધિકારી વી બી દત્તા, શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાના સ્પૉર્ટ્સ ડિરેક્ટર વિનુભાઈ ચૌધરી અને સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગુજરાતના કન્વીનર જિજ્ઞેશ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાનાં વિશિષ્ટ શિક્ષકોની સક્રિય સાજેદારીથી આ કાર્યક્રમ સફળ રીતે સંપન્ન થયો હતો. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત કૉલેજ હૉસ્ટેલની વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધાઓ માટે સ્વયંસેવક અને ખેલાડીઓના પ્રોત્સાહક તરીકે પણ પ્રશંસનીય કામગીરી બજાવી હતી. શહેરના ખેલપ્રેમીઓ વિશિષ્ટ ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ ખેલવીરોને તદ્દન નિર્દોષતા અને નિખાલસતાથી વિવિધ રમતો રમતાં જોવા એ ખરેખર લ્હાવો હતો, જેનો લાભ શહેરના ખેલપ્રેમીઓએ ખુલીને લીધો હતો.

# તલોદની કૉમર્સ કૉલેજ ખાતે કલા-કૌશલ્ય ધારાની સ્પર્ધાઓ

## રંગોળી, ચિત્ર, મહેંદી, કેશકલા ગૂંથન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

શેઠ ઍચ પી આટ્ર્સ ઍન્ડ ટી ઍસ ઍમ કૉમર્સ કૉલેજ, તલોદ ખાતે તાજેતરમાં કલા-કૌશલ્ય ધારાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આચાર્ય ડૉ. જે સી પટેલ, સપ્તધારા સંયોજક ડૉ. જ્યોતિકાબેન પટેલ, કલા-કૌશલ્ય ધારાના અધ્યક્ષ ડૉ. પી જે વાઘેલા, પ્રૉ. વિજય પંડ્યા, પ્રા. દિલીપ ચાવડા, ડૉ. કિરણબેન ડાંગરના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં રંગોળી, ચિત્ર, મહેંદી, કેશકલા ગૂંથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રંગોળી સ્પર્ધામાં અનુક્રમે ગણેશસિંહ સોલંકી, કિંજલબેન પરમાર-પૂજા રાજપુરોહિત, જીલ ઝાલા, ચિત્ર સ્પર્ધામાં અનુક્રમે સુરેશભાઈ ઝાલા, નિમિષાબેન ઝાલા, અવની પ્રજાપતિ, મહેંદી સ્પર્ધામાં અનુક્રમે હિમાનીબેન પરમાર, ધર્મિષ્ઠાબેન રાઠોડ, માયાબેન ઝાલા, કેશકલા ગૂંથન સ્પર્ધામાં અનુક્રમે કમલેશભાઈ સોલંકી, કવિતાબેન વણઝારા અને કિંજલબા રાઠોડને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન ડૉ પી જે વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## હિન્દી સપ્તાહ નિમિત્તે સન્માન અને સંવાદ

ગાંધીનગર, તા. ૧૪

રાષ્ટ્રભાષા પ્રચાર સંસ્થા તરફથી રાષ્ટ્રભાષા હિન્દી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સન્માન અને સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મહાત્મા ગાંધી વિદ્યાલય, સૅક્ટર-૧૬ના વિદ્યાર્થીઓ અને હિન્દી શિક્ષકોનું સન્માન કરીને આ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે. રાષ્ટ્રભાષા પ્રચારકો અને હિન્દી શિક્ષકોને સહયોગની અપીલ કરાશે. સરકારી નોકરીમાં હિન્દીનું મહત્ત્વ, વ્યાપાર અને રાજનૈતિક બાબતોમાં હિન્દીનું મહત્ત્વ, રાષ્ટ્રની એકતા અને શિક્ષણમાં હિન્દીની સ્થિત વિશે 'રાષ્ટ્રભાષા સાપ્તાહિક કાર્યક્રમો'માં સંવાદ-પરિસંવાદ કરવામાં આવશે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની

# ઉમા આટ્ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજને 'નૅક'નો એ ગ્રેડ


## ભારતની ૪૨ કૉલેજીમા કૉલેજે આઠમું સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આટ્ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરને યુજીસીની સ્વાયત્ત સંસ્થા નૅશનલ ઍસેસમૅન્ટ ઍન્ડ ઍક્રેડિટેશન કાઉન્સિલ (નૅક) દ્વારા તાજેતરમાં સતત ત્રીજીવારના મૂલ્યાંકનમાં એ ગ્રેડ અને ૩.૩૨ સીજીપીએ પ્રાપ્ત થયા છે. આ સાથે નૅક દ્વારા મૂલ્યાંકન કરાયેલ સમગ્ર ભારતની ૪૨ કૉલેજીસમાંથી ઉમા આટ્ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજને આઠમું સ્થાન મળ્યું છે. સમગ્ર ભારતની આટ્ર્સ અને કૉમર્સ કૉલેજીસમાં આ કૉલેજને દ્વિતિય સ્થાન પ્રાપ્ત થયું છે.

રાષ્ટ્રીય સ્તરની આ સિદ્ધિ બદલ સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ અને હોદ્દેદારો દ્વારા કૉલેજનાં આચાર્ય ડૉ. અમૃતા પરેશ પટેલ, ઉપાચાર્ય ડૉ. પ્રણવ જોષીપુરા, આઈક્યુએસી સંયોજક ડૉ. રૂપાબેન ચાવડા અને નૅક સ્ટીયરિંગ કમિટીનાં સંયોજક ડૉ. ફાલ્ગુનીબેન પટેલ ઉપરાંત સમગ્ર કૉલેજના શૈક્ષણિક, વહીવટી સ્ટાફને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ખેલ મહાકુંભ ટેબલટૅનિસમાં ગાંધીનગરના સિતારા ઝળક્યા






ખેલ મહાકુંભ અંતર્ગત ટેબલટૅનિસ સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી. ગાંધીનગર ગ્રામ્ય અને સિટી કક્ષાની ટેબલટૅનિસ સ્પર્ધામાં નગરનાં ખ્યાત સિનિયર ખેલાડીઓએ ઇનામો પ્રાપ્ત કર્યા છે. ગાંધીનગર ગ્રામ્ય કક્ષાએ ટેબલટૅનિસ સિંગલ્સમાં કમલેશ બી શાહે પ્રથમ અને કમલેશ બી રાંદેરિયાએ દ્વિતિય વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો છે. ગાંધીનગર સિટી કક્ષાએ ટેબલ ટૅનિસ સિંગલ્સમાં પ્રણવ જોષીપુરાએ પ્રથમ અને ધર્મેશ દોષીએ દ્વિતિય, વિમૅન સિંગલ્સમાં દિવ્યા પંડ્યાએ પ્રથમ અને ડબલ્સમાં હરેશ રાઠોડ અને બિરેન સોનીએ પ્રથમ ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું છે. નગરના ખેલપ્રેમીઓ તરફથી આ વિજેતા ખેલાડીઓને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.

# ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા

ગાંધીનગર, તા. ૧૪

પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં ૫૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનારી વિદ્યાર્થીનીઓને પારિતોષિક અને પ્રમાણપત્ર આપવામાં આવશે. પરીક્ષાનું આયોજન આચાર્ય ઉર્મીલાબેન ચૌધરીના માર્ગદર્શનમાં પ્રૉ. તારાબેન દેસાઈએ કર્યું હતું.

## ડેઈલી કરંટ

દર્શન મારૂ



95862 87447

(૧) તાજેતરમાં સ્માર્ટ ફોન બનાવતી કઈ કંપનીએ હોમ બટન વગરનો ફોન લૉન્ચ કર્યો છે?
(એ) ઍપલ
(બી) સૅમસંગ
(સી) મૉટરોલા
(ડી) સેગમ

(૨) ૨૦૧૭માં ભારતીય મૂળના કયા વ્યક્તિને અમેરિકાની સરકારે મુખ્ય ઉપ પ્રેસ સચિવ પદે નિયુક્તિ આપી છે?
(એ) અનિલ બિસ્વાલ (બી) ચંદન અવસ્થી
(સી) રાજ શાહ (ડી) ચરણ સિંહ

(૩) ભારત અને બેલારુસ દેશે કેટલા સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા છે?
(એ) ૧૦ (બી) ૧૫
(સી) ૭ (ડી) ૮

(૪) ૨૦૧૭માં શાળાઓમાં હાજરીના સમયે 'યસ સર કે યસ મૅડમ'ને બદલે જયહિંદ બોલવાનો નવો આદેશ કઈ રાજ્ય સરકારે કર્યો છે?
(એ) રાજસ્થાન (બી) ગુજરાત
(સી) મધ્યપ્રદેશ (ડી) કેરલ

(૫) યુપીઍસસીના નવા સચિવ પદે કોની વરણી કરવામાં આવી છે?
(એ) જુ દેવ સિંહ (બી) આર મોહન કાત્યાલ
(સી) કે ઍસ અટોરીયા (ડી) ટી જૈકબ

(૬) ૨૦૧૭માં સપ્ટેમ્બર માસ દરમિયાન હિન્દી દિવસ ક્યારે ઉજવવામાં આવ્યો હતો?
(એ) ૧૪ સપ્ટે. (બી) ૧૫ સપ્ટે.
(સી) ૧૬ સપ્ટે. (ડી) ૧૩ સપ્ટે.

(૭) તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્કે કેટલા રૂપિયાના નવા ચલણી સિક્કા બહાર પાડવાની જાહેરાત કરી છે?
(એ) ૫૦ (બી) ૧૦૦
(સી) ૧૫૦ (ડી) ૨૦

(૮) દેશના મુખ્ય ન્યાયમૂર્તિ દિપક મિશ્રાએ રાજ્યોની હાઈકોર્ટને કયા વારે વિશેષ બૅચ લગાવી પડતર જૂના કેસોનો નિકાલ કરવા જણાવ્યું છે?
(એ) સોમવાર (બી) શનિવાર
(સી) રવિવાર (ડી) ગુરુવાર

(૯) રશિયા અને ચીને કયા દેશની વિરુદ્ધમાં સંયુકત રાષ્ટ્ર વોટ સાથે સહમતિ દર્શાવી છે?
(એ) ઉત્તર કોરિયા (બી) પાકિસ્તાન
(સી) કુવૈત (ડી) મ્યાનમાર

(૧૦) પ્રતિષ્ઠિત પ્રૉ. ઍન આર માધવ મૅનન બેસ્ટ લૉ ટીચર ઍવોર્ડ ૨૦૧૭માં કોને આપવામાં આવ્યો છે?
(એ) નાસિર જમશેદ (બી) અતીક ફારૂખ
(સી) વિનયકુમાર (ડી) તાહિર મહસૂદ

# જનપ્રતિનિધિઓની આવકવૃધ્ધિ પર સુપ્રિમ કૉર્ટના પ્રશ્નો



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પૂરા વિશ્વમાં જીવન જીવવાનું કપરૂં થઈ રહ્યું છે. કારણ કે વસતી વૃદ્ધિ સતત થઈ રહી છે. તો બીજી તરફ જળવાયુ પ્રદૂષણ ઘાતક સ્તરથી વધુ વ્યાપક બની રહ્યું છે. જગતની કહેવાતી મહાસત્તાઓની નીતિ અને પ્રગતિના કારણે જ આ પ્રકારે વૈશ્વિક પર્યાવરણ અતિ વિકૃત થયું છે.

ભારતની વાત કરીએ તો અહીં પ્રતિદિન ઉપાધિઓ, આફતો, અકસ્માતો, આપદાઓ સતત વધી રહ્યાં છે. જેમાં કેટલાંક કુદરતી કારણે છે તો બાકીનાં માનવીય બેદરકારીઓના લીધે છે. ભારતમાં પણ આર્થિક અસમાનતા પુષ્ક રીતે વિસ્તૃત થઈ રહી છે. ફૂટપાથ ઉપર નિંદર કરનારાઓ વધી રહ્યાં છે, ભૂખમરો અને લાચારી ઓછી નથી થઈ. પ્રામાણિકતાનો સૂર્ય ઉગતો નથી કે શોષણનો દિવસ પૂરો થતો નથી. રેલવેમાં પુરા ભારતને જોવા જઈએ તો સ્થિતિ ઉપર માત્ર પ્રાથમિક અંદાજ મળી શકે છે. સ્વચ્છ ભારતનું મિશન અતિ ઉમદા, ઉચિત અને આવશ્યક છે. કેમ કે ભારત ગંદકીના ઢગ પર બેઠું છે. કચરાએ હવે કાળો કેર કર્યો છે. પ્લાસ્ટીક, કાગળ, નકામી ચીજો વગેરેના ગંજ ખડકાઈ રહ્યા છે અને આરોગ્ય માટેના પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે. રોડ અકસ્માતો વધતા જ જાય છે. દર કલાકે સત્તર વ્યક્તિ પ્રાણ ગુમાવી રહ્યા છે. વસતીમાં શિસ્ત ઘટે છે તો બીજી તરફ નિયમોના પાલનમાં ઢીલ અને નિંભરતા વ્યાપક દેખાય છે. આ બધાંની વચ્ચે આમ નાગરિક અતિ પરેશાન છે. ત્યારે હાલમાં જ સુપ્રિમ કૉર્ટે જણાવ્યું છે કે જે રાજકીય ક્ષેત્રના જનસેવકો કે પ્રતિનિધિઓ છે તેમની જાહેર કરેલી સંપત્તિ ૨૦૦૯થી ૨૦૧૪ સુધીમાં બમણી કે પાંચસો ગણી કે વધુ થઈ ગઈ છે. એટલે આ બાબતે દરેક રાજ્યને સૂચના આપવામાં આવી છે ને કઈ રીતે આ આવકવૃદ્ધિ થઈ તે ચસાકવા પણ કહેવામાં આવ્યું છે. નેતાઓની દુખતી રગ ઉપર સુપ્રિમ કૉર્ટે હાથ મૂક્યો છે. એ બદલ અદાલતના સંલગ્ન વડાઓને અભિનંદન અને સલામ. આ જે સવાલ ઉઠ્યો છે તે એટલા માટે મહત્ત્વનો બની જાય છે કે અત્યારે સમાજ અતિ પરેશાન છે.

આમ નાગરિકની આવકમાં વૃધ્ધિ અતિ કપરી બાબત છે. નવી રોજગારીની તકો નોંધપાત્ર રીતે વધતી નથી. કૃષિક્ષેત્રમાં ઉત્પાદન લાવવામાં હજાર વિઘ્નો દેખાય છે. ઍમઍસઍમઈ (લઘુ અને માઈક્રો એકમો)નાં ઉત્પાદનમાં પણ હકારાત્મક પ્રગતિ નથી. પ્રાઈવેટ ક્ષેત્રની કંપનીઓ દ્વારા તો છટણી અને મર્જરથઈ રહ્યા છે ત્યારે આ રાજકારણના મહારથીઓની આવકો કયા માર્ગેથી કઈ પ્રવૃત્તિઓથી મળી તે જાણવું આવશ્યક છે. સંપત્તિનું કેન્દ્રીકરણ થાય તે અતિ હાનિકારક સાબિત થાય છે. કારણ કે આ આર્થિક વિસંગતતા ઘણી ગંભીર બાબતોને જન્મ આપે છે. આર્થિક કંગાલિયતને કારણે તો પૂરા દેશમાં કિસાનો આપઘાત કરી રહ્યા હોવાનું સાબિત થઈ ચૂક્યું છે. વ્યાજખોરોના ત્રાસને લીધે આજે પણ ઘણા લોકો મોત વહાલું કરે છે. આવક વધતી નથી એટલે શહેરીકરણમાં સામાજિક બદીઓ વિસ્તૃત થઈ રહી છે. તેમાં હત્યા, વેશ્યાવૃત્તિ, દગો, છેતરપિંડી વગેરેનો સમાવેશ થાય છે. સંચિતો અને વંચિતોના વર્ગ વચ્ચે જે ખાઈ ઊભી થાય છે તેમાં સમાજનું સુખ સ્વાહા થઈ જાય છે. પ્રશાસનનો હેતુ ઉમદા છે કે ભાતમાં બધાં જ પ્રગતિમાં હિસ્સેદાર બને, બધાં જ રાષ્ટ્ર માટે યોગદાન આપે પરંતુ આ દેશમાં પ્રવર્તમાન વ્યવસ્થામાં જે વિસંગત તત્ત્વો છે તેમને પણ પારદર્શિતાના દાયરામાં લાવવા ખૂબ આવશ્યક છે. ભારતનો એક તદ્દન નાનો નોકરિયાત કે નિવૃત્ત કામદાર પણ આવકવેરાની નીતિઓનું ચુસ્ત પાલન કરી રહ્યો છે. તો સામા પક્ષે બાબા રામરહિમ જેવા કે આસારામ જેવા પોતાનું રજવાડું કઈ હદ સુધી ઊભું કરી દે છે એ ઘણો ચિંતા કરવા જેવો વિષય છે. ડિજીટલ ઉપકરણો દ્વારા પૂરતો અંકુશ હવે શક્ય થયો છે ત્યારે છટકબારીઓ ખુલ્લી રહે તે આપણી નબળાઈ જ કહી શકાય. ટૅક્સચોરી રોકવી એ જ એક મુદ્દો નથી. ભારતના લોકો હકિકતમાં ઘણી અપેક્ષાઓ સરકાર પાસે રાખી રહ્યા છે. આવકમાં જો વૃધ્ધિ થાય નહીં છતાં નવા ટૅક્સ કે દર વધે તો હતાશાથી સમાજ ભાંગી પડે એ સમજવું મુશ્કેલ નથી. કાળું કમાવાની માનસિકતા બંધ થવી ખૂબ જરૂરી છે.

ભારતના લોકોને પ્રધાનમંત્રી ઉપર અતૂટ શ્રદ્ધા અને ભરોસો છે કે તેઓ નવા ભારતનું નિર્માણ જરૂર કરશે. પરંતુ જમીન ઉપરની હકીકતો પરત્વે ધ્યાન આપવામાં નહીં આવે તો શોષણનું નિર્માણ થઈ શકે છે. નોટબંધી ગઈ, જીઍસટી આવી ગયો પરંતુ હવે ભારતની આમ જનતાને પ્રત્યક્ષ રાહત પ્રાપ્ત થાય તેવા આયોજનની જરૂરત છે, નવી યોજનાઓની નહીં. સમાજમાં ભય, હિંસા, બળાત્કાર, શોષણ વગેરે વધી રહ્યાં છે તેમનો રોકવાની તાતી જરૂરિયાત છે. હેલવેની સુરક્ષામાં વૃધ્ધિ, બૅન્કોની સેવાઓ સહ્ય બને તે માટેનાં કદમ ભરવાં જ પડે તેમ છે. પ્રજા મજબૂત તો રાષ્ટ્ર પણ મજબૂત.

**શેર આસ્વાદ**

દુખ વગર, દર્દ વગર,
દુખની કશી વાત વગર
મન વલોવાય છે
ક્યારેક વલોપાત વગર
(અમૃત 'ઘાયલ')

